નવી બાબત ૨૦૧૯-૨૦

હિંમતનગર, જિ. સાબરકાંઠા ખાતે સમરસ કુમાર અને કન્યા છાત્રાલયોના વહીવટ માટે કર્મચારીઓનું વેતન, ભોજન અને અન્ય ખર્ચ બાબત

રૂ.૨૯.૨૪ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સમછ/૧૦૨૦૧૯/૨૫૬૧૨૨/ન.બા.૬૫/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૮/૦૯/૨૦૧૯

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૦/૦૫/૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૧/૨૦૧૯-૨૦/૪૩૪૬-૪૭

ઠ રા વ:

રાજ્યના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ યુનિવર્સિટીના વડા મથકે ઉચ્ચ શિક્ષણમાં સારી રીતે અભ્યાસ કરી શકે તથા તેમને રહેવા-જમવા માટે સગવડ આપવાના હેતુથી સમરસ છાત્રાલયો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએ સમરસ છાત્રાલયોની કામગીરી અને જાળવણી માટે ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીની રચના કરવામાં આવેલ છે. હિંમતનગર, જિ.સાબરકાંઠા ખાતેના સમરસ છાત્રાલયોનુ બાંધકામનુ સિવિલ વર્ક પૂર્ણતા આરે છે અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી છાત્રાલય કાર્યરત થનાર છે. જેથી હિમતનગર જિ. સાબરકાંઠા ખાતે ૨૫૦ વિદ્યાર્થીઓ માટે સમરસ કુમાર છાત્રાલય અને ૨૫૦ વિદ્યાર્થીનીઓ માટે સમરસ કન્યા આમ, કુલ ૫૦૦ વિદ્યાર્થીઓ માટે કુલ – ૨ સમરસ છાત્રાલયો શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી શરૂ થનાર હોઇ વિધાર્થી /વિધાર્થીનીઓને રહેવા, જમવા તથા અન્ય વહીવટી કર્મચારીઓ તેમજ છાત્રાલયના વિજળી, સફાઇકામ, ગાર્ડનીંગ, વહીવટ અને અન્ય ખર્ચ અંગે વંચાણે લીધેલ નિયામકશ્રી(અ.જા.ક.)ના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) સામેના તા.૧૦/૦૫/૨૦૧૯ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે હિંમતનગર, જિ.સાબરકાંઠા ખાતે ૨૫૦ વિદ્યાર્થીઓ માટે સમરસ કુમાર છાત્રાલય અને ૨૫૦ વિદ્યાર્થીનીઓ માટે સમરસ કન્યા આમ, કુલ ૫૦૦ વિદ્યાર્થીઓ માટે કુલ – ૨ સમરસ છાત્રાલય માટે થનાર કુલ વાર્ષિક ખર્ચ રૂ.૩૩૪.૧૭ લાખ પૈકી ૦૭ માસ માટે અનુસૂચિત જાતિના ૧૫% લેખે રૂ.૨૯.૨૪ લાખની તેમજ તે માટે સમાજ કલ્યાણ અધિકારી(૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૬૦૦, ફિક્સ પગાર-રૂ.૪૪૨૬૦/-)ની ૦૨(બે), મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૨૦૦, ફિક્સ પગાર-રૂ.૩૮૦૯૦/-)ની ૦૨(બે), જુનિયર ક્લાર્ક(૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૧૯૦૦, ફિક્સ પગાર-રૂ.૧૯૯૫૦/-)ની ૦૨(બે), પટાવાળાની ૦૨(બે) અને ચોકીદાર(૮ કલાક મુજબ)ની ૦૬(છ) એમ કુલ ૧૪(ચૌદ) જગ્યાઓ ઉભી કરવાની તથા તેના મહેકમ ખર્ચ અને છાત્રાલયોના નિભાવ, વીજળી, સફાઇકામ, ગાર્ડનીંગ અને સંચાલન કરવાના ખર્ચ માટેની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

<u>શ ર તો :</u>

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાતની મુદ્દત પૂરી થતાં પહેલાના એક માસ અગાઉ વિભાગ મારફત નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૪) આઉટસોર્સીંગથી સેવાઓ લેવાની થતી હોય તેવા કિસ્સાઓમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવના આધારે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૫) ૧૧ માસ માટે કરારથી ફિક્સ પગારના ધોરણે જગ્યાઓની ભરતીની લાયકાતો અને ભરતીના નિયમો અને સેવાઓની બોલીઓ અને શરતો મંજૂર કરાવ્યા બાદ આ જગ્યાઓની ભરતીની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૧૭ SCW-08 સરકારી છાત્રાલયો/સમરસ છાત્રાલયો/ મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)

- સેક્શન અધિકારીશ્રી(બજેટ/ જ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૧૯